# Mara Te Chittno Chor Re - Gujarati Garba Lyrics

મારા તે ચત્તિનો ચોર

વેરણ થઈ ગઈ રાતડી
રહેતી આંખ ઊદાસ
સપના પણ પહોંચ્યા સખી
મારા સાંવરીયાની પાસ

મારા તે ચત્તિનો ચોર રે મારો સાંવરયિો [૨]
હે.....
જેવો રાધાને નંદનો કશિોર એવો મારો સાંવરયિો
મારા તે ચત્તિનો...

જમુના તીરે જઈ ભરવા હું નીર ગઈ
પ્રીતીની વાદળી વરસી
હૈયાની હેલ મારી છલકાવે છેલ
તોયે હુ રહી ગઈ તરસી
હે......
તનડું ભીજાય તોયે રોમ રોમ લ્હાય
મારા નટખટનાં નેણ છે નઠોર
એવો મારો સાંવરયિો
મારા તે ચત્તિનો......

મીઠડે મોરલી તે કાને તેડાવી મને
તેનાંતે સૂરમાં સાંધી
મોંઘેરા મનનાં વનરાતે વનનાં
ફૂલોનાં હાર થી બાંધી
હે....
લંબાવી હાથ એની વાવડીની સાથ
જોડે મારા પાલવી કોર
એવો મારો સાંવરયિો
મારા તે ચત્તિ....

જોયા ના તારલા જોઈ ના ચાંદની
જોઈ ના કાંઈ રાતરાણી
ચઢતુ'તુ ઘેન અને હટતી'તી રેન
એવી વાલમની વાણી
હે..
ભૂલી'તી ભાન રહ્યું કઈએ ના સાન
ક્યારે ઊગી ગઈ આભમાં ભોર
એવો મારો સાંવરયિો
મારા તે ચત્તિનો ચોર....